॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૬**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) બીજા શ્રમણસૂત્રમાંથી બંધબેસતા શબ્દો લખો. (૨)**

૧. બાળકને ઓળંગીને ભિક્ષા લીધી હોય. **સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ**

૨. સાધુ માટે બનાવેલો આહાર લીધો હોય. **ઉપ્પાયણેસણાએ**

૩. ઉપરથી કોથમીર નાંખેલી હોય તેવું ભોજન લીધું હોય. **હરિય ભોયણાએ**

૪. ગાય માટે બનાવેલી રોટલી લીધી હોય. **મંડી પાહુડિયાએ**

**(૨) નીચેનામાં કયા અતિચાર લાગે? કયા પાઠમાં આવે છે? (૪)**

૧. હાથીને છટકું ગોઠવીને પકડ્યો હોય. **બંધે** **પહેલા વ્રતમાં**

૨. સંથારો કરી આત્મહત્યાના વિચારો કર્યા હોય. **મરણા સંસપ્પઓગે** **સંથારાના પાઠમાં**

૩. ઘેટાની ચામડીનો વેપાર કર્યો હોય. **કેસ વાણિજ્જે** **સાતમા વ્રતમાં**

૪. સામાયિકમાં ખોટા બિલ બનાવવાના વિચાર કર્યા હોય. **મણ દુપ્પણિહાણે** **નવમા વ્રતમાં અથવા સામાયિકના આઠમા પાઠમાં**

**(૩) સંમૂર્ચ્છિમ મનુષ્યનો કયો ભેદ લાભે? તે લખો. (૨)**

૧. પેશાબની કોથળીમાં **પાસવણેસુ વા** ૨. માખીની લીંટમાં **ન ઉપજે**

૩. રૂમાલમાં કાઢેલા કફમાં **ખેલેસુ વા** ૪. ગુમડા થયા હોય તેના પરૂમાં **પૂએસુ વા**

**(૪) કયા પાઠમાં આવે છે?** **(૩)**

૧. પાસં **સામાયિકના પાંચમા પાઠમાં** ૨. ભયે **આલોયણા સૂત્રમાં**

૨. દસાકપ્પ **ચોથા શ્રમણસૂત્રમાં** ૪. લબ્ધિ **માંગલિકમાં, આલોચનામાં**

૫. સંવેગ **પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્રમાં** ૬. ભૂએસુ **ક્ષમાપના સૂત્રમાં**

**(૫) ચોથા શ્રમણસૂત્રમાં કેટલા અને કયા અંગસૂત્રોના નામ આવેલા છે?** **(૨)**

**ચોથા શ્રમણસૂત્રમાં આચારાંગ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર, જ્ઞાતાધર્મકથા એ ત્રણ અંગ સૂત્ર છે.**

**(૬) માત્ર સંખ્યા લખો.** **(૨)**

૧. અરિહંતના લક્ષણ **૧૦૦૮** ૨. મહાવ્રતના અતિચાર **૧૨૫**

૩. વિરાધના **૩/૧૦** ૪. સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના અધ્યયન **૭**

**(૭૦)**

**પ્ર.૨ (અ) દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે લખો.** **(૪૦)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરો.** **(૯)**

૧. જયા **ગઈં બહુવિહં, સવ્વજીવાણ જાણઇ । તયા પુણ્ણં ચ પાવં ચ, બંધં મુક્ખં ચ** જાણઇ ॥

જયા **જીવમજીવે ય દો વિ એએ વિયાણેઈ । તયા ગઈં બહુવિહં, સવ્વજીવાણ** જાણઇ ॥

૨. જયા **ચયઇ સંજોગં, સબ્ભિંતર બાહિરં । તયા મુણ્ડે ભવિત્તાણં, પવ્વઇએ** અણગારિયં ॥

૩. ભોચ્ચા **માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં । પુવ્વિં વિસુદ્ધ સદ્ધમ્મે, કેવલં બોહિ** બુજ્જિયા ॥

૪. અજયં ભુંજ **માણો ય, પાણ ભૂયાઇ હિંસઇ । બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં** ફલં ॥

૫. ખેત્તં **વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરુસં । ચત્તારિ કામખંધાણિ, તત્થ સે** ઉવવજ્જઇ ॥

૬. વિસાલિ **સેહિં સીલેહિં, જક્ખા ઉત્તર ઉત્તરા । મહાસુક્કા વ દિપ્પન્તા, મણ્ણંતા અપુણ** ચ્ચવં ॥

**(૨) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૮)**

૧. કમ્માણં **તુ પહાણાએ, આણુપુવ્વી કયાઇ ઉ । જીવા સોહિ મણુપ્પત્તા, આયયંતિ** મણુસ્સયં ॥

**અર્થ : અનેક ભવમાં પરિભ્રમણ કરતાં અનુક્રમે અશુભ કર્મ ક્ષય કરી કર્મક્ષયરૂપ શુદ્ધિને પ્રાપ્ત જીવ ક્યારેક શુભ કર્મના ઉદયથી મનુષ્યત્વને પ્રાપ્ત કરે છે.**

૨. પઢમં **નાણં તઓ દયા, એવં ચિટ્ઠઇ સવ્વસંજએ । અન્નાણી કિં કાહી, કિં વા નાહી સેય** પાવગં ॥

**અર્થ : પ્રથમ જ્ઞાન અને પછી દયા (ક્રિયા), આ પ્રમાણે સર્વ સાધુ આચરણ કરે છે. સમ્યક્ જ્ઞાનથી રહિત, અજ્ઞાની પુરુષ શું કરી શકે છે? અને કેવી રીતે જાણશે કે મારે માટે શું શ્રેયકારી છે અને શું પાપકારી છે?**

૩. પચ્છા **વિ તે પયાયા, ખિપ્પં ગચ્છંતિ અમરભવણાઇં ।**

**જેસિં પિઓ તવો સંજમો ય, ખંતી ય** બંભચેરં ચ ॥

**અર્થ : જેઓને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ પાછલી વયમાં પણ ચડતાં પરિણામે દીક્ષા અંગીકાર કરે તો પણ તે શીઘ્ર સ્વર્ગ અથવા મોક્ષને પ્રાપ્ત થાય છે.**

૪. કહં **ચરે કહં ચિટ્ઠે, કહં આસે કહં સએ । કહં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન** બંધઇ ॥

**અર્થ : ઉપર બતાવ્યા પ્રમાણે કર્મ બંધ થાય છે તે જાણીને હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે પહે ભગવાન ! કેવી રીતે ચાલવું જોઈએ? કેવી રીતે ઊભા રહેવું? કેવી રીતે બેસવું? કેવી રીતે સૂવું? કેવી રીતે ભોજન કરવું? અને કેવી રીતે બોલવું જોઈએ? જેથી પાપકર્મ બંધાતાં નથી.**

૫. આહચ્ચ **સવણં લદ્ધું, સદ્ધા પરમ દુલ્લહા । સોચ્ચા નેઆઉયં મગ્ગં, બહવે પરિ** ભસ્સઇ ॥

**અર્થ : કદાચિત્ શ્રુત ધર્મનું શ્રવણ થયા પછી પણ (જીવની) તેની ઉપર શ્રદ્ધા કે રુચિ થવી અતિ દુર્લભ છે, કારણ કે ન્યાયયુક્ત એવા સમ્યગ્ મોક્ષમાર્ગને સાંભળીને પણ ઘણા જીવો ધર્મમાર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે.**

૬. તત્થ **ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા । ઉવેંતિ માણુસં જોણિં, સેંદસંગેડ** ભિજાયઇ ॥

**અર્થ : તે દેવ, ત્યાં દેવલોકમાં પોતપોતાના સ્થાને રહીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને મનુષ્ય યોનિ(જન્મ)ને પ્રાપ્ત કરે છે, ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૬)**

૧. જીવ શેને માટે વ્યાકુળ રહે છે? **શાતા, સુખ**

૨. કયા સંયોગોનો ત્યાગ કરવાનો છે? **બાહ્ય, આભ્યંતર**

૩. ધર્મ શ્રવણથી આત્મા કોને જાણે છે? **કલ્યાણ, પાપ**

૪. ઊંચી દિશા પ્રાપ્ત કરવી એટલે શું? **સ્વર્ગ, મોક્ષ**

૫. વર્ણશંકર એટલે કોની જાતિ જુદી હોવી? **માતા, પિતા**

૬. શેના દ્વારા કર્મરજનો નાશ કરે છે? **સંવર, તપસ્યા**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. વિસાલેસેહિં **અનેક પ્રકારના ઉત્તમ** ૨. વિયાણંતો **વિશેષ પ્રકારે જાણે છે**

૩. સવ્વત્તગં **સર્વ પદાર્થને જણાવનારું** ૪. પરિભસ્સઈ **ભ્રષ્ટ થઈ જાય છે**

૫. પિહિય **બંધ કરનાર** ૬. નાણા વિહા **વિવિધ પ્રકારના**

**(૫) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૪)**

૧. કોઇકવાર **કયાઈઉ** ૨. સાધુપણાને **સામણ્ણં**

૩. અભિજાત–વિનીત **અભિજાએ** ૪. તેવા પ્રકારના **તારિસગસ્સ**

**(આ) ૯૮ બોલ અલ્પબહુત્વના આધારે લખો.** **(30)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૨)**

૧. ૨ ગુણસ્થાન લાભે તેવા બોલ લખો. **ચૌરેન્દ્રિય અપર્યાપ્તા, તેઈન્દ્રિય અપર્યાપ્તા, બેઈન્દ્રિય અપર્યાપ્તા, સમ્યક્દૃષ્ટિ પ્રતિપાતી**

૨. ગર્ભજ મનુષ્યમાં કોનો સમાવેશ થાય છે? **ગર્ભજ પુરુષ, ગર્ભજ નપુંસક.**

૩. પાંચમા અનંતાનું નામ શું છે? **મધ્યમ યુક્ત અનંતા**

૪. જીવના ચાર ભેદ ક્યાં લાભે? **નિગોદના જીવ, સમુચ્ચય વનસ્પતિ, એકેન્દ્રિય જીવ.**

૫. સ્થળચર કરતા જળચર જીવો કેમ વધારે છે? **અસંખ્યાત દ્વીપના ક્ષેત્ર કરતાં અસંખ્યાત સમુદ્રનું ક્ષેત્ર મોટું હોવાથી.**

૬. વિજયંત વિમાનના દેવોનો ઉત્કૃષ્ટ વિરહ કેટલો છે? **પલ્યના અસંખ્યાતમા ભાગનો.**

૭. ૫ યોગ લાભે તેવા બોલ લખો. **પંચેન્દ્રિય અપર્યાપ્તા, બાદર જીવ અપર્યાપ્તા, એકેન્દ્રિય જીવ.**

૮. તિર્યંચ કરતાં તિર્યંચ સ્ત્રી કેટલી વધારે છે? **ત્રણ ગુણી ત્રણ અધિક.**

૯. ગર્ભજ મનુષ્યનું ક્ષેત્ર લોકમાં ક્યાં છે? કેટલું? બે શબ્દમાં લખો. **અઢીદ્વીપ, ૪૫ લાખ યોજન.**

૧૦. બાદર વાયરો લોકમાં ક્યાં હોય છે? **અનેક અસંખ્યાત ભાગોમાં બધે પોલા ણહોવાથી.**

૧૧. બાદરમાં ક્યા જીવો વધારે હોય છે? કેટલા? **પર્યાપ્તાથી અપર્યાપ્તા. અસંખ્યાતગુણા.**

૧૨. ૧૦ ગુણસ્થાન અને ૧૦ ઉપયોગ કોને હોય? **સકષાયી જીવ.**

**(૨) માત્ર અલ્પબહુત્વ લખો.** **(૮)**

૧. અંતરદ્વીપની મનુષ્યાણી, શક્રેન્દ્રની દેવી, સ્થળચર સ્ત્રી, વાણવ્યંતર દેવી

**સૌથી થોડી અંતરદ્વીપની મનુષ્યાણી, તેથી શક્રેન્દ્રની દેવી અસંખ્યાત ગુણી, તેથી સ્થળચરની સ્ત્રી અસંખ્યાતગુણી, વાણવ્યંતર દેવી સંખ્યાતગુણી.**

૨. બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા, કિન્નરના દેવ, ત્રીજી નરકના નારકી, સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તા

**સૌથી થોડા ત્રીજી નરકના નારકી, તેથી કિન્નરના દેવ અસંખ્યાતગુણા, તેથી બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા અસંખ્યાતગુણા, સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તા અસંખ્યાતગુણા.**

૩. નિગોદના જીવ, તિર્યંચ યોનિના જીવ, પંચેન્દ્રિય પર્યાપ્તા, સિદ્ધ

**સૌથી થોડા પંચેન્દ્રિય પર્યાપ્તા, તેથી સિદ્ધ અનંતગુણા, તેથી નિગોદના જીવ અનંતગુણા, તેથી તિર્યંચ યોનિના જીવ વિશેષાધિક.**

૪. સુજાએના દેવ, બાદર તેઉકાયના પર્યાપ્તા, બાદર જીવ પર્યાપ્તા, અવિરતિ જીવ

**સૌથી થોડા બાદર તેઉકાયના પર્યાપ્તા, તેથી સુજાએના દેવ અસંખ્યાત ગુણા, તેથી બાદર જીવ પર્યાપ્તા**

**અનંતગુણા, તેથી અવિરતિ જીવ અસંખ્યાતગુણા.**

**(૩) નીચેના બોલનો બાસઠિયો માત્ર સંખ્યામાં લખો. (કોઠો બનાવીને)** **(૧૦)**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. ઊડતી માખી | ૧ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૨. વંટોળિયો | ૧ | ૧ | ૪ | ૩ | ૩ |
| ૩. ખેચર નપુંસક | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૪. સમુચ્ચય વનસ્પતિ | ૪ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૫. રત્નપ્રભાના નારકી | ૩ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૬. જુગલિયાની સ્ત્રી | ૨ | ૨ | ૧૧ | ૬ | ૪ |
| ૭. સૂક્ષ્મ અપ્કાય પર્યાપ્તા | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૮. સર્વાર્થસિદ્ધના દેવ | ૨ | ૧ | ૧૧ | ૬ | ૧ |
| ૯. છદ્મસ્થ જીવ | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ |
| ૧૦. ઉત્સર્પિણીકાળના ચોથા આરાનો મનુષ્ય | ૩ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે લખો.**

**(૧) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. મન, વચન, કાયાથી શું નથી? (**બ્રહ્મચારી,** સંયમી, જિતેન્દ્રિય)

૨. ભિક્ષુ કયા કુળના છે? (બ્રાહ્મણ, વૈશ્ય, **ક્ષુદ્ર)**

૩. બ્રહ્મચર્ય શું છે? (જળાશય, **શાંતિતીર્થ,** શાંતિ પાઠ)

૪. કૌશાલિકની રાજકુમારીની નામ શું છે? (સુભદ્રા, **ભદ્રા,** મહા ભદ્રા)

૫. સોમદત્ત કઈ નગરીમાં રહેતો હતો? (વારાણસી, **હસ્તિનાપુર,** બનારસ)

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૫)**

૧. તપસ્વી મુનિનું ઘોર અપમાન કરેલ છે. **યક્ષ બીજાના શરીરમાં પ્રવેશીને રાજાને કહે છે.**

૨. અરે અહીં કોઇ છે? **રૂદ્ર પુરોહિત કુમારોને કહે છે.**

૩. હું પણ સૌનો પ્રિય થઈ જઈશ. **હરિકેશીબલ મનમાં વિચારે છે.**

૪. યજ્ઞનો અગ્નિ કયો છે? **રૂદ્રદેવ હરિકેશી મુનિને કહે છે.**

૫. જેના જીવનમાં હિંસા અને અસત્ય છે. **યક્ષ મુનિના શરીરમાં પ્રવેશીને બ્રાહ્મણોને કહે છે.**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. જે વ્યક્તિ ...... ની નિર્મળ સાધના કરતી હોય તેના માટેના દ્વાર ખુલ્લા છે. **રત્નત્રયી, સિદ્ધિ......**

૨. બ્રાહ્મણ જાતિ જ ...... અને ......ક્ષેત્ર છે. **મનોહર, ઉત્તમ**

૩. સાધુને ......, ...... કે ...... થી મારીને ...... પકડી જલ્દીથી બહાર કાઢી મૂકો. **દંડ, લાકડાં, પાટિયા, ડોક**

૪. સંયમની પ્રવૃત્તિઓ ...... છે. **શાંતિપાઠ**

૫. પૂર્વભવમાં કરેલા ...... ને કારણે પોતે આ અવસ્થા પામ્યા છે. **રૂપમદ**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. અમ્ભો **નિધૌ ક્ષુભિત ભીષણ નક્રચક્ર, પાઠીન – પીઠ – ભયદોલ્વણ – વાડવાગ્નૌ ।**

**રંગ – ત્તરંગ – શિખર – સ્થિત – યાનપાત્રા – સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્** વ્રજન્તિ ॥

**અર્થ : જેમાં ક્ષોભિત બનેલા ભયાનક મગરોના સમૂહ તથા પાઠીન અને પીઠ નામના મત્સ્ય ઊછળી રહેલા છે અને જેમાં ભયંકર વડવાનલ પ્રગટેલો છે, એવા સમુદ્રના ઊછળી રહેલાં મોજાંઓ ઉપર જેમનાં વહાણો ડોલાયમાન થઈ રહેલાં છે તેવા મનુષ્યો તમારું સ્મરણ કરવાથી આકસ્મિક ભય છોડીને સમુદ્ર પાર પામી જાય છે.**

૨. મત્ત **દ્વિપેન્દ્ર – મૃગરાજ – દવાનલાહિ, સંગ્રામ – વારિધિ – મહોદર બન્ધનોત્થમ્ ।**

**તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિ** માનધીતે ॥

**અર્થ : હે ભગવન્ ! જે બુદ્ધિમાન આપના આ સ્તોત્રનો પાઠ કરે છે, તેનો (૧) મદોન્મત્ત હાથી, (૨) સિંહ, (૩) દાવાનળ, (૪) સાપ, (૫) યુદ્ધ, (૬) સમુદ્ર, (૭) જલોદર રોગ તથા (૮) બંધનથી ઉત્પન્ન થયેલ ભય પોતે જ ભયપામીને શીઘ્ર નાશ પામે છે.**

૩. **કલ્પાન્ત કાલ – પવનોદ્ધત – વહ્નિકલ્પં, દાવાનલં જ્વલિત મુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્ ।**

**વિશ્વં જિઘત્સુમિવ સમ્મુખમાપતન્તમ્, ત્વન્નામ – કીર્તનજલં સમયત્ય** શેષમ્ ॥

**અર્થ : પ્રલયકાળના પવનની થપાટોથી અતિ તીવ્ર બનેલ આગની જેમ બળતો, રક્તવર્ણો, ચારેબાજુથી જેની ચિનગારીઓ ઉપર તરફ જતી હોય, આખા જગતને ભરખી જવાની ઇચ્છાવાળો હોય, તેવો દાવાનળ સામે આવતો હોય તો પણ તમારા નામનું કીર્તનરૂપી જળ તે અગ્નિ સંપૂર્ણરૂપે શાંત કરી દે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૩)**

૧. સમુદ્રમાં કયો અગ્નિ છે? **વડવાનલ** ૨. હરણનો અધિપતિ કોણ છે? **સિંહ**

૩. હાથીના લમણાના ભાગને શું કહેવાય? **ગંડસ્થલ**

**જય – જિનેન્દ્ર**

❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**